
**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૬.૮ ડીગ્રી
લઘુતમ : ૧૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૭૫ ટકા ● સાંજે ૩૧ ટકા

# વીઆઈપી સેકટર-૮માં ૫.૪૭ લાખની ચોરી

## ઘરકામ માટે રાખેલા પતિ-પત્નિ સોના-ચાંદીના દાગીના, વિદેશી નાણુ અને રોકડા રૂપીયા લઈ પલાયન, પરિવારના સભ્યો બહાર ગયા હતા અને વડીલ દંપતિ જ ઘરમાં હતું તે સમયે ચોરીને અંજામ આપ્યો, પોલીસ તપાસનો ધમધમાટ


ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના વીઆઈપી સેકટર-૮ માં ૫.૪૭ લાખની મત્તાની ચોરી થતા સનસનાટી મચી ગઈ છે. વૃધ્ધ દંપતિએ ઘરમાં ઘરકામ માટે રાખેલા પતિ-પત્નિએ સોના-ચાંદીના દાગીના, વિવિધ દેશનું વિદેશી નાણું અને રોકડ રૂપીયા મળીને કુલ રૂ.૫.૪૭ લાખનો હાથફેરો કરીને પલાયન થઈ ગયા છે. જો કે નેપાળી વ્યકિતઓ ચોકી માટે વખણાય છે, ત્યારે આ કહેવાતા નેપાળી પતિ-પત્નિ રાત્રીના અંધકારમાં ઘરમાંથી ચોરી કરી રાતોરાત ભાગી ગયા છે. બનાવ અંગે ભરતભાઈ પટેલે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોરીનો ગુનો નોંધી ડોગ સ્કવોડ અને ફિંગરપ્રિન્ટની મદદ લઈ વધુ તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર નજીક આવેલા મૂળ પોર ગામના વતની અને શહેરના સેકટર-૮ બી પ્લોટ નં.૩૨૫ આસોપાલવ સોસાયટી નજીક ભરતભાઈ રમણભાઈ પટેલ (ઉં.૬૨) તેઓ પત્ની અલકાબેન, દિકરો જનકભાઈ, પુત્રવધુ નિપાબેન અને દિકરી મૌલિકા સાથે સંયુકત પરિવાર રહે છે. ભરતભાઈ તેમના પત્ની ડિપ્રેશનની દવા ચાલતી હોવાથી બે દિવસથી ભરત અને લક્ષ્મીબેન ઘરઘાટી તરીકે તેમના ઘરના પાછળના ભાગમાં રહેતા હતા. આ બંને એ પોતાની ઓળખ પતિ-પત્નિ તરીકે આપી હતી. જયારે તા.૬ ના રોજ ભરતભાઈ દિકરો જનકભાઈ સેકટર-૩ ખાતે સાસરીમાં ગયો હતો. જયારે દિકરી મૌલિકા મુંબઈ ગઈ હતી. સાંજના ભોજન બાદ વૃધ્ધ દંપતિ આઠ વાગ્યાના અરસામાં સુઈ ગયા હતા.ઘરમાં કામ કરતા ઘરઘાટી માટે પ્રથમમાળે સંડાસ-બાથરૂમ હોવાને પગલે મકાનના પાછળનો રસોડાનો દરવાજો ખુલ્લો રાખ્યો હતો. રાત્રીના એક વાગે અલકાબેન પાણી પીવા માટે ઉઠ્યા હતા તે સમયે તેઓ પતિ પત્નિ સુઈ રહ્યા હતા. ત્યારબાદ રાત્રીના અઢી વાગે દવા લેવા માટે ઉઠ્યા હતા તે સમયે બાજુના રૂમમાં લાઈટ ચાલુ હતી અને પાછળનો દરવાજો ખુલ્લો હતો. જયારે દંપતિ પણ ઘરમાં નજર આવ્યું ન હતું. ઘરનો સામાન વેર વિખેર હાલતમાં પડ્યો હતો. બનાવ અંગે પત્નિ અલકાબેન પતિને જગાડવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ દવાને પગલે તેઓ ફરીવાર સુઈ ગયા હતા. જયારે મુંબઈથી દિકરી મૌલિકા સવારે ઘરે આવી ત્યારે જોયુ તો ઘરના ઉપર તેમજ નીચેના રૂમનો સામાન વેર વિખેર હાલતમાં હતો. ઘરમાં તપાસ કરતા સોના ચાંદીના દાગીના, વિવિધ દેશનું નાણું, રોકડા સહિત કુલ રૂ.૫.૪૭ લાખની ચોરી કરી ઘરઘાટી પલાયન થઈ ગયા છે. વીઆઈપી સેકટરમાં પાંચ લાખથી વધુની મત્તાની ચોરી થતા પોલીસ પણ દોડતી થઈ ગઈ છે. જયારે સ્થાનિક નાગરીકોને પણ ચોરીનો ડર સતાવી રહ્યો છે. બનાવ અંગે સેકટર-૭ પોલીસે તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

### ઘરમાંથી ચોરી થયેલી ચીજવસ્તુઓ

- રૂ.૩૩ હજારની ૫૦૦ ગ્રામ વજનની ચાંદીની લગડી
- રૂ.૪૮ હજારની એક તોલાની કાનની સેર નંગ-૪
- રૂ. ૯૬ હજારની બે તોલા સોનાની લકી
- રૂ.૫૦૦ ભરેલા ૨૫ કવર કુલ રૂ.૧૨,૫૦૦
- યુએસએ ડોલર ૫૦૦ ભારતીય કિં.૩૬,૫૦૦
- ઈજીપ્ત કરન્સી ૧૦૦ નોટ ભારતીય કિં.૪૫૦
- ઓસ્ટ્રેલીયન ડોલર ૫૦ નંગ ભારતીય કિં. ૨૮૦૦
- રૂ.૨૫૦ ભરેલા ૨૦૦ કવર કુલ રૂ. ૫૦,૦૦૦
- રૂ.૧,૨૦,૦૦૦ નો બે તોલાનો બુટ્ટી સાથેનો સોનાનો સેટ
- રૂ.૯૬ હજારની બે વીંટી,જેમાં એક દોઢ તોલાની અને એક અડધા તોલાની
- રૂ.૪૮, હજારની એક તોલાની સોનાની બુટ્ટી સાથેનો સેટ
- રૂ.૨૦ ના બે બંડલ કિં.૪ હજાર

# ‘ધ રિવરફ્રન્ટ સ્ટોરી’માં ગાંધીનગરની નિશા જાનીનો ઉત્કૃષ્ટ અભિનય

## ‘અમદાવાદી મેન’ દ્વારા બનાવવામાં આવેલ યુટ્યૂબ વીડિયોને બે દિવસમાં બે લાખથી વધુ દર્શકોએ નિહાળ્યો

ગાંધીનગર, તા.૬

વટવાની આયેશા મકરાણીનો અમદાવાદમાં સાબરમતી રિવરફ્રન્ટ ખાતે આત્મહત્યા કરતાં પહેલા બનાવેલ વીડિયો વાઈરલ થતાં જ સમગ્ર દેશમાં આ ઘટનાએ ભારે ચકચાર મચાવી છે જેને અનુલક્ષીને સોશિયલ મીડિયાથી લઈને દેશના પ્રમુખ માધ્યમોમાં ખૂબ ચર્ચા ચાલી રહી છે. આ સંદર્ભે યુટ્યુબ પર પોતાના રમુજી વિડીયોથી સુપ્રસિધ્ધ બનેલા ‘અમદાવાદી મેન’ ટીમ દ્વારા ‘ધ રિવરફ્રન્ટ સ્ટોરી’ નામનો નવો વીડિયો અપલોડ કરવામાં આવ્યો છે જેને માત્ર બે દિવસમાં જ બે લાખથી વધુ દર્શકોએ નિહાળ્યો છે. આ વીડિયોમાં ગાંધીનગરના રાંધેજા ખાતે રહેતી અને સમર્પણ કોમર્સ કોલેજની વિદ્યાર્થિની નિશા જાનીનો અભિનય ખૂબ જ પસંદ કરવામાં આવી રહ્યો છે.

અત્યાર સુધી માત્ર રમૂજી શોર્ટ ફિલ્મો બતાવતા ‘અમદાવાદી મેન’ ટીમ દ્વારા પહેલીવાર સંવેદનાત્મક વિડીયો ફિલ્મ બનાવીને યુટ્યુબ પર અપલોડ કરવામાં આવી છે. આ વિડીયો ફિલ્મમાં કુશલ મિસ્ત્રી, પાર્થ પરમાર, જતીન પ્રજાપતિ સાથે ગાંધીનગરની યુવા અભિનેત્રી નિશા જાનીએ અભિનય આપ્યો છે. આ વિડીયો થકી અમદાવાદી મેન દ્વારા તેમના રમૂજી અંદાજમાં યુવાનોને નાની નાની બાબતમાં નાસીપાસ થઈને આત્મહત્યા જેવું ઘાતક પગલું ભરવું ના જોઈએ કેમ કે જીવન ખૂબ જ અમૂલ્ય છે તે સંદર્ભે જાગૃત કરતો સંદેશો પાઠવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. આ શોર્ટ ફિલ્મને ખૂબ જ પ્રોત્સાહક પ્રતિસાદ સાંપડ્યો છે અને માત્ર બે દિવસમાં તેને બે લાખથી વધુ દર્શકોએ નિહાળ્યો છે. આ વીડિયોમાં એક માત્ર મહિલા પાત્ર તરીકે ગાંધીનગરની સમર્પણ કોમર્સ કોલેજના છેલ્લા સેમેસ્ટરમાં અભ્યાસ કરતી વિદ્યાર્થિની તથા યુવા અભિનેત્રી નિશા જાનીનો અભિનય પ્રશંસા પામી રહ્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે નિશા જાની એનએસએસ વોલિયન્ટર છે અને ગત વર્ષે ૨૬મી જાન્યુઆરી પ્રજાસત્તાક દિને નવી દિલ્હી ખાતે રાજપથ પર પરેડમાં સામેલ થઈ ચૂકી છે. આ સાથે અત્યાર સુધીમાં સાત શોર્ટ ફિલ્મોમાં પણ કામ કરી ચુકી છે.




# સે.૨૪માં જન ઔષધિ સ્ટોર્સ ખાતે બીપી-ડાયાબિટીસ નિદાન કેમ્પ યોજાયો




ગાંધીનગર, તા.૭

આજે ‘પ્રધાનમંત્રી જન ઔષધિ દિવસ’ નિમિત્તે દેશભરના જનઔષધી સ્ટોર્સના સંચાલકો સાથે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દ્વારા ટેલિવિઝન પર સીધો સંવાદ યોજાયો હતો. જે પ્રસંગે ગાંધીનગર સ્થિત સેકટર - ૨૪માં કાર્યરત જનઔષધી સ્ટોર્સ દ્વારા બ્લડપ્રેશર તેમજ ડાયાબિટીસના નિઃશુલ્ક નિદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. કેમ્પમાં ૨૫થી વધારે લાભાર્થીઓએ સેવાનો લાભ લીધો હતો. આ પ્રસંગે ગાંધીનગર શહેરના મેયર રીટાબેન પટેલ સહિત સ્થાનિક કોર્પોરેટર હર્ષાબા ધાંધલ, બરખાબેન જહાં તથા શહેર ભાજપ મંત્રી વીણાબા ઝાલા ઉપસ્થિત રહ્યા હતા.




ભારતીય સંસ્કૃતિમાં યોગાસન દ્વારા સ્વાસ્થ્ય પ્રાપ્તિનું ખૂબ મોટું સ્થાન છે. નિયમિત રીતે યોગા કરવાથી દીર્ઘાયુ અને સારું સ્વાસ્થ્ય મેળવી શકાય છે તથા અનેક પ્રકારના રોગોમાંથી મુકિત મળે છે. ભારતીય યોગ સંસ્થા ગુજરાત પ્રાંત દ્વારા સેકટર-૬ના ભૂવનેશ્વર મહાદેવ મંદિર ખાતે યોગાસનના વર્ગોનો પ્રારંભ મેયર રીટાબેન પટેલના હસ્તે કરવામાં આવ્યો હતો.

# માન્યું કે જીવન એક જંજાળ છે, પણ મોત થોડો એનો ઉપાય છે??

## રીવરફ્રન્ટ પર આપઘાત કરતાં પહેલાં આયેશાએ બનાવેલા વિડીયોએ સૌ કોઈને ઝંઝોળી મુકયા છે : સતત વધતી જતી આત્મહત્યા આપણી સમાજવ્યવસ્થા સમક્ષ આંગળી ચિંધી રહી છે : ગુજરાતમાં દર માસે ૬૦૦થી વધુ વ્યકિતઓ આપઘાત કરે છે




ગાંધીનગર, તા.૭

‘મૈં હવાઓ કી તરહા હું, બસ બહેના ચાહતી હું ઔર બહેતે રહેના ચાહતી હું... યે પ્યારી સી નદી પ્રે કરતે હૈ કી મુઝે અપને આપમેં સમા લે... કબ તક લડેંગે અપનો સે... આયેશા લડાઈઓ કે લીયે નહીં બની... ચલો, અપની જીંદગી તો યહીં તક હે... દુઆ કરતી હું દુબારા ઈન્સાનો કી શકલ ના દિખાયેં...!’ અમદાવાદના રીવફ્રન્ટ પરથી સાબરમતીમાં ઝંપલાવી આત્મહત્યા કરનાર ૨૩ વર્ષીય યુવતી આયેશા મકરાણીના છેલ્લા વિડીયોમાં બોલેલા આ શબ્દો કોને યાદ નહીં હોય. કમનસીબે આયેશાને તો બચાવી ના શકાઈ પરંતુ તેના આ વિડીયોએ દેશભરના સંવેદનશીલ નાગરિકોને ઝંઝોળી મુકયા છે. જેમ જેમ આપણે આધુનિકતા તરફ આગળ વધી રહ્યા છીએ, સુવિધા અને સગવડો ટેકનોલોજીના સહારે વધુને વધુ સરળ બનાવી રહ્યા છીએ તેટલો જ માનસિક તણાવ કે દુઃખી હોવાની લાગણીમાં વધારો થઈ રહ્યો છે જેના પગલે આયેશા જેવી અસંખ્ય દિકરીઓ જ નહી પરંતુ અગણિત યુવાઓ સહિતના લગભગ દરેક વર્ગના નાગિરકોને આત્મહત્યાના પગલે જીંદગી ટુંકાવતા જોઈ રહ્યા છીએ. તેને અટકાવી નથી શકતા પરંતુ આ સંખ્યામાં ઘટાડો પણ લાવી નથી શકતા તે હકીકત છે. આપણે એવા તે કેવા સમાજનું નિર્માણ કરી બેઠાં છીએ કે તરવરીયા યુવાનો ‘ફરી મનુષ્યોનો ચહેરો નથી જોવો’ તેવું કહીને જીવન ટુંકાવી રહ્યાં છે?



વાત માત્ર આયેશાની નથી કે યુવાનોની જ નથી, કેમ કે એમ કહીશું તો એક તલીલ તરત જ સામે આવશે કે આજના યુવાનોમાં સહનશકિત જ નથી અને આ વાત કેટલેક અંશે સાચી પણ હશે. ચાંદખેડાની એક યુવા મહિલા કોન્સ્ટેબલે ગળાફાંસો ખાઈને આત્મહત્યા કરતા પહેલા લખેલી હૃદયદ્રાવક સુસાઈડ નોટમાં લખ્યું હતું કે, ‘મારામાં કોઈ સહનશકિત નથી, હું કંઈ જ સહન કરી શકતી નથી.’ પરંતુ અહીં વાત દરેક વર્ગની છે. એક તરફ બોર્ડની પરીક્ષાઓ કે પ્રેમમાં નિષ્ફળ જતાં યુવાનોની આત્મહત્યાઓ છે તો બીજી તરફ આર્થિક સંકડામણ કે કૌટુંબિક અથવા સામાજિક કંકાસથી સામુહિક આપઘાત કરી લેતા પરિવારોના કિસ્સા છે, એક તરફ ખેડૂતોની આત્મહત્યાઓ છે તો બીજી તરફ પોલીસ કે સશસ્ત્ર દળોમાં કાર્યરત સુરક્ષા કર્મીઓ છે જેઓ પોતાના લમણે ગોળી ધરબી દેતા અચકાતા નથી એક તરફ કોઈની સતામણીથી ત્રાસેલા પીડિતો છે તો બીજી તરફ સમાજને રાહ ચીંધવાનું કાર્ય કરતા અને જ્ઞાન સાથે વૈભવી જીવન છતાં આપઘાત કરી લેતા ભૈયુજી મહારાજ જેવી આધ્યાત્મિક વ્યકિતઓ પણ છે. તાજેતરમાં વડોદરાના સમાવિસ્તારમાં સામુહિક આત્મહત્યાનું પગલું ભરનાર સોની પરિવારના બચી ગયેલા સભ્ય ભાવિન સોનીએ કહ્યું કે ‘કોઈ અમારા જેવી ભૂલ કરતા નહીં.’ ત્યારે હવે આપણાં સમાજે ખરેખર વિચારવાની જરૂર પાકી ગઈ છે કે આપણે એવી તો કેવી વ્યવસ્થા ઉભી કરી છે જેમાં જે વ્યકિત પોતાની મરજીથી જન્મ્યો નથી તે પોતાનું જીવન જાતે નષ્ટ કરવાં દોડી જાય છે? શું આ છે આપણો મનુષ્ય તરીકેનો બૌધિક વિકાસ કે આપણી આધ્યાત્મિકતા? વર્ષો સુધી દુશ્મન દેશની જેલમાં નર્કાગાર જેવી યાતનાઓ ભોગવવા છતાં એક વ્યકિત આત્મહત્યા નથી કરતો પરંતુ પરિવાર સાથે સુખ સગવડો સહિતના સમાજમાં રહેતી વ્યકિત આત્મહત્યા કરી લે છે તેવી કેવી વિચિત્રતા...!!

અત્યારે ગુજરાત વિધાનસભાનું બજેટ સત્ર ચાલી રહ્યું છે અને આ સત્રમાં રાજયના ગૃહ વિભાગ દ્વારા ધારાસભ્યોના પ્રશ્નોના જવાબમાં રજૂ કરાયેલા પોલીસ વિભાગના આંકડામાં આપઘાતના આંકડા ચોંકાવનારા છે. છેલ્લા બે વર્ષમાં ગુજરાતમાં ૧૪૬૪૫ વ્યકિતઓએ આત્મહત્યા કરી છે જેમાં ગ્રામ્ય વિસ્તારના ૯૯૭૨ અને શહેરી વિસ્તારના ૪૬૭૩ વ્યકિતઓ છે, મતલબ કે પ્રતિ માસ ૬૦૦થી વધુ વ્યકિતઓ રાજયમાં આત્મહત્યા કરી રહી છે. અમદાવાદ જેવા શહેરમાં ૧૮૦૩, સુરતમાં સૌથી વધુ ૨૧૫૧, રાજકોટમાં ૧૩૯૫ અને શાંતિભર્યું જીવન જીવવા આદર્શ કહેવાતા ગાંધીનગર શહેર સહિત જિલ્લામાં મળીને કુલ ૪૪૫ વ્યકિતઓએ કવેળાએ પોતાનું જીવન આટોપી લીધું છે. માત્ર ગુજરાત જ નહી વિશ્વની સ્થિતિ જોઈએ તો દર ત્રણ સેંકડે એક વ્યકિત આપઘાતની કોશિષ કરે છે અને દર ૪૦ સેકન્ડે એક વ્યકિત મૃત્યુ પામે છે. વિશ્વમાં દર વર્ષે અંદાજે ૮ લાખ વ્યકિતઓ આપઘાતથી મરે છે જેમાં ૧૮ થી ૨૫ વર્ષની વયે મૃત્યુ પામતા યુવાઓના પ્રથમ ત્રણ કારણોમાં આપઘાતનો સમાવેશ થાય છે. આપઘાતથી મરતી વ્યકિતઓના આંકડા વધુ ચોંકાવનારા બની શકે છે કેમ કે જેટલી વ્યકિતઓ આપઘાતથી મૃત્યુ પામે છે તેના કરતા ૨૫ ગણી વ્યકિતઓએ આપઘાતની કોશિષ કરી હોય છે. નેશનલ ક્રાઈમ રેકોર્ડ બ્યુરોના આંકડા મુજબ વર્ષ ૨૦૧૯માં ભારતમાં ૧.૩૯ લાખ વ્યકિતઓએ પોતાનું જીવન આત્મહત્યા કરીને ટુંકાવ્યું હતું.

કોરોના મહામારીની જેમ વધતી જતી આત્મહત્યા બાબતે ગંભીરતાથી વિચારવાના તાતી જરૂરિયાત જણાય છે. શા માટે કોઈ વ્યકિત એટલો બધો અન્ય વ્યકિત, પરિવાર, સમાજ, જાતિ-જ્ઞાતિ કે વ્યવસ્થા પર આધારિત અથવા અપેક્ષિત બની જાય છે કે તે આધાર ખસી જવાથી અથવા અપેક્ષા તુટી જવાથી પોતાની જાતને કે પોતાના જીવનને પણ સહન કરી શકતો નથી? શું આ માત્ર એક નાજુક પળનો સવાલ છે કે આપણી સમગ્ર જીવન વ્યવસ્થાનો અથવા આપણી વિચારશૈલીનો?

માન્યું કે જીવન એક જંજાળ છે,
પણ મોત થોડો એનો ઉપાય છે?
જીવન હશે તો જંજાળ પણ ભેદાશે,
એટલું સમજી લેવામાં જ ‘સાન’ છે.

- પ્રતિભાવો આવકાર્ય :
samirtalod@gmail.com



## જન્મદિને વધામણી



દક્ષાબેન સોલંકી
સભ્ય, અખિલ ભારતીય મહિલા સ્વાસ્થ્ય સંઘ



પ્રતીમાબેન ત્રિવેદી
લાયોનેસ કલબ



પ્રસન્ન વિશાલ થોરાત
મો. ૯૪૨૮૦ ૪૭૫૨૮



સાવન



ઠાકોર અશોકકુમાર શંભુજી
મો. ૯૭૧૪૬૬૫૬૧૮

## સેકટર-૧૨માં બલરામ મંદિર ખાતે પુસ્તક પરબ યોજાઈ

ગાંધીનગર, તા.૭

માતૃભાષા અભિયાન અંતર્ગત અને આત્મન ફાઉન્ડેશનના ઉપક્રમે ગાંધીનગરમાં દર મહિનાના પહેલા રવિવારે યોજવામાં આવતી પુસ્તક પરબ પ્રવૃતિમાં માર્ચ માસની પુસ્તક પરબ આજે સેક્ટર-૧૨માં બલરામ મંદિર પરિસર ખાતે યોજાઈ હતી. આ પુસ્તક પરબમાં ગાંધીનગરના વડીલ વાચન પ્રેમીઓ, વિદ્યાર્થીઓ, બહેનો, બાળકોએ લાભ લઈ મનગમતા પુસ્તકો, સામયિકો મેળવ્યા હતા. કેટલાક નિયમિત વાચકો - ભાવકો ખાસ આવ્યા હતા અને આ પ્રવૃત્તિ કોરોનાને લીધે નહોતી થતી, તે ફરી શરૂ થઈ તે માટે આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ઘણા ભાવકોએ પુસ્તકો, સામયિકો આ પ્રવૃત્તિ માટે ભેટમાં આપ્યા હતા જેમાં પુસ્તક પરબને ૨૨૩ પુસ્તકો - સામયિકો ભેટમાં મળ્યા હતા, જ્યારે ૯૦ પુસ્તકો-સામયિકો વાચકોને ભેટમાં આપવામાં આવ્યા હતા. પુસ્તક પરબ ટીમના આશા સરવૈયા, કિશોર જિકાદરા, પ્રજ્ઞા પટેલ, રોહિણી પરમાર, અજય રાવલ, અજય ઉપાધ્યાય, સમીર શાહ, તાહિરભાઈ, વાઘેલાભાઈ, દિનેશ ઘોઘારી વગેરેએ સમગ્ર આયોજનમાં સહકાર આપ્યો હતો.

## ચિરવિદાય

**● મુક્તિધામ ●**

- **સ્વ. પારઘી બંદિશ હસમુખકુમાર** ઉ.વ. ૬૫, સરગાસણ
- **સ્વ. પટેલ દિનોશભાઈ ઘનશ્યામભાઈ** ઉ.વ. ૫૦, ધોળાકુવા
- **સ્વ. ઝાલા લીલાબા પ્રતાપજી** ઉ.વ. ૭૭, કાંઠા, કલોલ